RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 289, Dt.25-01-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં તેજી બાદ ફરી એક વખત કડાકો

## સેન્સેક્સ ૭૦૦ પોઈન્ટ તૂટયોઃ રોકાણકારોનું રૂા.૧.૭૭ લાખ કરોડનું ધોવાણઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂા.૩૪૭૬૬ કરોડના શેર વેચ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય શેરબજારમાં એક દિવસની તેજી બાદ ફરી એક વખત માર્કેટમાં કડાકો થયો હતો અને આજે સવારે બજાર ખુલ્યા બાદ ૭૦૦ પોઈન્ટ સુધી સેન્સેકસ નીચે ગયો હતો અને નીફટી પણ ૧૯૪ પોઈન્ટ તૂટતા મુંબઈ શેરબજારનું માર્કેટ કેપ ઘટીને રૂા.૪ લાખ કરોડની અંદર રૂા.૩.૬૯ લાખ કરોડ નોંધાયુ હતું. આ પહેલા બુધવારે માર્કેટકેપ ૩.૭૧ લાખ કરોડ સુધી પહોંચી ગયું હતું.



પરંતુ આજના કડાકાથી જોતજોતામાં જ રોકાણકારોના રૂા.૧.૭૭ લાખ કરોડનું ધોવાણ થયું હતું. આજે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોનું વેચાણ ચાલુ રહ્યું હતું. માર્કેટમાં અફડાતફડીની પણ અસર જોવા મળી રહી છે. જેના કારણે આ સ્થિતિ બની છે. બજાર હવે અનિશ્ચિતતાના માહોલ વચ્ચે હોવાનું નિષ્ણાંતો માની રહ્યા છે.


આઈટી ફાઈનાન્સીયલ સહિતના ક્ષેત્રોમાં પણ જબરી વેચવાલી જોવા મળી છે. અમેરિકામાં બોલ્ડ યીલ્ડમાં જે રીતે સતત વધારો થઈ રહ્યો છે તે પણ આ સ્થિતિ બનાવી રહી છે. છેલ્લા છ સેશનમાં એફઆઈઆઈનું વેચાણ રૂા.૩૪૭૬૬ કરોડનું નોંધાયું છે. આ ઉપરાંત ક્રુડતેલના ભાવમાં પણ વધારો થયો છે. અમેરિકી ક્રુડ સ્ટોકમાં ઘટાડાની અસર છે.

લોકસભાની ચૂંટણી પૂર્વે શેરબજારમાં છેલ્લા કેટલાંક દિવસોથી તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. પરંતુ અમેરિકાના અર્થતંત્રમાં ફેરફાર થતાં આજે દેશનું શેર માર્કેટ ગગડયું હતું. જો કે અર્થશાસ્ત્રીઓના જણાવ્યા પ્રમાણે આવનારા દિવસોમાં શેરબજારમાં ફુલ ગુલાબી તેજી રહેશે.

## કાલે દેશભરમાં આન-બાન અને શાનથી પ્રજાસત્તાક પર્વની ઉજવણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશને આઝાદ થયા બાદ આવતીકાલે સમગ્ર રાષ્ટ્રમાં ગણતંત્ર દિવસની આન-બાન અને શાનથી ઉજવણી કરાશે. રાજધાની દિલ્હીના ઐતિહાસિક લાલકિલ્લાની પ્રાચી પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી તિરંગાને લહેરાવશે. આ ઐતિહાસિક પ્રસંગના



રાષ્ટ્રપતિ સહિત મોદી મંત્રી મંડળના તમામ સભ્યો સાક્ષી બનશે. આ પર્વની ઉજવણી આન-બાન અને શાન સાથે ગરીમાપૂર્ણ વાતાવરણમાં કરવા તમામ તૈયારીઓ રાજધાનીમાં પૂર્ણ કરાઈ ચુકી છે. મહેમાનોની હાજરી વચ્ચે પરંપરાગત લાલકિલ્લા પર પરેડ યોજાશે તેમજ તમામ રાજ્યના ટેબલો પણ પ્રદર્શિત કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વના મુખ્ય મહેમાન તરીકે ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન રહેશે.

## દેશપ્રેમીની વાટ જોતી મહિલા....



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આવતીકાલે સમગ્ર દેશમાં ૭૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવશે તિરંગો હંમેશા આકાશને આંબતો રહે તે માટે દેશના જવાનો સરહદે આપણી રક્ષા કરી રહયાં છે. તિરંગો હંમેશા લહેરાતો રહે તે માટે અનેક વીરોએ શહીદી વોરી છે. આ તિરંગો હંમેશા આપણી શાન બની રહે તે માટે નાનામાં નાનો વ્યક્તિ પણ પ્રયત્ન કરી રહયો છે. કાલે ગણતંત્ર દિવસ પહેલા તિરંગો ઘરેઘરે લહેરાય તે માટે એક શ્રમિક મહિલા પોતાના બાળક સાથે કોઈ તિરંગો લેવા આવે તેની રાહ જોઈ રહી છે.

## ગંગાસ્નાન માટે જતાં શ્રધ્ધાળુઓને નડયો ગમખ્વાર અકસ્માતઃ ૧૨ લોકોના મોત

### ભારે ઠંડી અને ધુમ્મસ વચ્ચે ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં ડમ્પર ચાલકે રિક્ષાને મારી ટકકર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરપ્રદેશમાં ભારે ઠંડી વચ્ચે ધુમ્મસની સ્થિતિ હવે જીવલેણ બની રહી છે. શાહજહાંપુરમાં બેફામ ડમ્પર ચાલકે એક રીક્ષાને ટક્કર મારતા ૧૨ શ્રદ્ધાળુઓનાં કમકમાટીભર્યા મૃત્યુ થયા હતા. આ લોકો મદનાપુરના દમગઢા ગામથી ગંગા સ્નાન કરવા માટે ઢાઈ ઘાટ જઇ રહ્યા હતા. તે સમયે જ આ



અકસ્માત સર્જાયો હતો.

આ મામલે શાહજહાંપુરના એસ.પી. અશોક કુમાર મીણાએ કહ્યું કે રીક્ષાચાલક સુરેશ ગામના શ્રદ્ધાળુઓને લઈ જઈ રહ્યો હતો. જેમાં ૩ મહિલાઓ અને એક બાળક પણ સામેલ હતું. અકસ્માત સર્જાયા બાદ ડમ્પર ચાલક સ્થળેથી નાસી ગયો હતો. જોકે બંને વાહન કેમ અથડાયા તેનું સ્પષ્ટ કારણ હજુ સામે આવ્યું નથી. દુર્ઘટનાસ્થળે કોઈ બ્લેકસ્પોટ કે રોડ પર ખાડા પણ નથી. બની શકે કે બેફામ ગતિએ દોડી રહેલા ડમ્પરને કારણે જ આ અકસ્માત સર્જાયો હોય.

શાહજહાંપુર દુર્ઘટના વિશે ખુદ યુપીના સીએમ યોગી આદિત્યનાથે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે મૃતકોના પરિજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે દુર્ઘટનાના આરોપી ટ્રક ડ્રાઈવરની જલદી ધરપકડ કરી લેવાશે. તેની સામે કડક કાર્યવાહી કરાશે.

**મુખ્ય સમાચાર** સાંધ્ય દૈનિક

### પ્રજાસત્તાક પર્વ નિમિત્તે અંક બંધ

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે 'મુખ્ય સમાચાર' કાર્યાલય રજા પાળશે. જેથી તા.૨૬ને શુક્રવારનો અંક પ્રસિધ્ધ થશે નહીં. તા.૨૭ને શનિવારનો અંક નિયમિત પ્રસિધ્ધ થશે. તેની વાંચકમિત્રો, વિજ્ઞાપન દાતાઓ અને એજન્ટ મિત્રોએ નોંધ લેવા વિનંતિ છે.

– મેનેજિંગ તંત્રી

## મણિપુરમાં આસામ રાઈફલ્સના જવાને તેમના સાથીદારો પર ગોળીબાર કર્યા પછી તેણે પોતાને ગોળી મારીને કરી આત્મહત્યા

### પોલીસ તંત્રએ જણાવ્યું કે આને મણિપુરમાં ચાલી રહેલી હિંસા સાથે કોઈ લેવાદેવા નથી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મણિપુરના ચંદેલ જિલ્લાના સાજિક ટેમ્પકમાં મંગળવારે (૨૩ જાન્યુઆરી) ના રોજ આસામ રાઈફલ્સના એક સૈનિકે તેના છ સાથીઓ પર ગોળીબાર કર્યો હતો. આ પછી તેણે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. આ તમામ સૈનિકો મ્યાનમાર બોર્ડર પાસે તહેનાત હતા.

મણિપુર પોલીસે બુધવારે જણાવ્યું હતું કે ઘટના બાદ ઘાયલોને તાત્કાલિક ચુરાચંદપુરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હાલ તમામ ઘાયલોની હાલત સ્થિર છે.

આસામ રાઈફલ્સના આઈજીએ કહ્યું- ઘાયલ સૈનિકો મણિપુરના રહેવાસી ન હતા અને તેને મણિપુરમાં ચાલી રહેલી હિંસા સાથે કોઈ લેવાદેવા નથી. અમે તપાસના આદેશ આપ્યા છે. આસામ રાઈફલ્સમાં તમામ સમુદાયના સૈનિકોનો સમાવેશ થાય છે.



તેઓ મણિપુરમાં શાંતિ જાળવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે.

૧૭ જાન્યુઆરીએ મણિપુરના થોબલ જિલ્લામાં પોલીસ હેડક્વાર્ટર પર બદમાશોએ હુમલો કર્યો હતો. બેકાબૂ ટોળાએ કરેલા ગોળીબારમાં ત્રણ જવાનો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ટોળાએ પહેલા હેડક્વાર્ટરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પોલીસે તેમને રોકવા માટે બળપ્રયોગ કર્યો તો કેટલાક બદમાશોએ ભીડમાંથી ગોળીબાર કર્યો.

આ હુમલામાં ઘાયલ જવાનોની ઓળખ કોન્સ્ટેબલ ગૌરવ કુમાર, એએસઆઈ સોબરામ સિંહ અને એએસઆઈ રામજી તરીકે થઈ છે. ઘટના બાદ જિલ્લા પ્રશાસને થૌબલમાં કર્ફ્યુ લાદી દીધો હતો. જો કે, આરોગ્ય, મીડિયા સહિત આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા લોકોને અને કોર્ટના કામ સાથે સંકળાયેલા સહિત એરપોર્ટ પર જતા મુસાફરોને કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવી હતી.

૩ મેથી રાજયમાં કુકી અને મેઈટીસ વચ્ચે ચાલી રહેલી જાતિ હિંસામાં ૨૦૦ થી વધુ લોકોનાં મોત થયા છે. જ્યારે ૧૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૫ હજારથી વધુ લોકો પોતાનું ઘર છોડી ચુકયા છે. ૬ હજાર કેસ નોંધાયા છે અને ૧૪૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## 'હાલ અયોધ્યા ન જાવ...' કેબિનેટની બેઠકમાં પીએમ મોદીની મંત્રીઓને સલાહ

### ભક્તોનો ધસારો વધતા મંદિરથી લઈને અયોધ્યા તરફના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાને અસરઃ માર્ચમાં અયોધ્યા જવાની યોજના બનાવવા કેન્દ્રીય મંત્રીઓને વડાપ્રધાન મોદીની સલાહ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અયોધ્યાના રામ મંદિરમાં સોમવારે પ્રાણપ્રતિષ્ઠા કર્યા બાદ રામલલાના દર્શન કરવા ભારે ધસારો વધતા મંદિરથી લઈને અયોધ્યા તરફના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાને પણ અસર થઈ છે. આ બાબતને ધ્યાને રાખી આજે કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીઓને અપીલ કરી છે કે, તેઓ માર્ચ સુધી અયોધ્યાના રામ મંદિર મુલાકાત ન લે.

બેઠકમાં પીએમ મોદીએ રામ મંદિરમાં ભારે ભીડ અને પ્રોટોકોલ હેઠળના VIPના કારણે જનતાને પડતી મુશ્કેલીનો ઉલ્લેખ કરી કેન્દ્રીય મંત્રીઓને માર્ચમાં અયોધ્યા જવાની યોજના બનાવવા સલાહ આપી





છે.સોમવારે પ્રાણપ્રતિષ્ઠા કરાયા બાદ રામલલાના દર્શન કરવા મોડી રાતથી જ શ્રદ્ધાળુઓની જનમેદની ઉમટી રહી છે. મંગળવારે મંદિર ખોલાયા બાદ લગભગ ૫ લાખ ભક્તોએ રામલલાના દર્શન કર્યા છે. ભક્તોને અતિશય ધસારાના કારણે અવ્યવ્યવસ્થા ન સર્જાય તે હેતુથી અધિકારીઓ પણ સક્રિય થઈ ગયા હતા અને અયોધ્યા તરફ આવતી બસોને કામચલાઉ ધોરણે પરત મોકલી દીધી હતી.અયોધ્યામાં ભક્તોની ભીડને ધ્યાને રાખી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બેઠક યોજી હતી. તેમણે મંદિર વ્યવસ્થા અંગે લેવાયેલા પગલા અંગે સમીક્ષા કરી VIPની યાત્રાની માહિતી અગાઉથી આપવા આદેશ આપ્યો છે.એક અધિકારીના જણાવ્યા મુજબ વીઆઈપી શ્રદ્ધાળુઓને મુખ્યમંત્રી યોગીએ સલાહ આપી છે કે, તેઓ અયોધ્યા જતા પહેલા અધિકારીઓને માહિતી આપે. તેઓ રામ મંદિર જવાના એક અઠવાડિયા પહેલા રાજ્ય સરકાર અથવા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને માહિતી આપે.

## ડિવાયએસપી ભગીરથસિંહ વનરાજસિંહ ગોહિલને રાષ્ટ્રપતિચંદ્રક એનાયત કરાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ભાવનગર જિલ્લાના સિંહોર તાલુકાના ભડલી ગામના વતની અને રાજકોટમાં ફરજ બજાવી ચૂકેલા પૂર્વ પીઆઈ વી.વી.ગોહિલ ના પુત્ર અને હાલ જુનાગઢ સોરઠ ચોકીમાં વાઈસ પ્રિન્સીપાલ (ડીવાયએસપી) તરીકે ફરજ બજાવતા ભગીરથસિંહ વનરાજસિંહ ગોહિલને રાષ્ટ્રપતિચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે.

ભગીરથસિંહ વનરાજસિંહ ગોહિલ ગુજરાત પોલીસ વિભાગમાં ૨૦૦૨માં જોડાયા હતા તેઓનું



પીએસઆઈ તરીકે પ્રથમ પોસ્ટીંગ નવસારી, જુનાગઢ, પંચમહાલ, અમદાવાદ અને ત્યારબાદ ૨૦૦૯ની સાલમાં પીઆઈ તરીકે પ્રમોશન મળતા સુરત, પંચમહાલ (એલસીબી), સોલા (અમદાવાદ), પીસીબી અમદાવાદ અને ત્યારબાદ ૨૦૧૭માં ડીવાયએસપી નું પ્રમોશન મળતા અમદાવાદ (એચ ડિવીઝન) તેમજ એસીપી (ક્રાઈમ બ્રાંચ અમદાવાદ) ફરજ બજાવ્યા બાદ હાલ તેઓ જુનાગઢ સોરઠ ચોકીમાં વાઈસ પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવી રહયા છે. સરકારે તેની યશસ્વી કામગીરીને ધ્યાને રાખી રાષ્ટ્રપતિચંદ્રક એનાયત કર્યો છે.

## ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધના એલાનની રાકેશ ટિકૈતની જાહેરાત, બેરોજગારી, MSP એક્ટ, પેન્શાન સહિતના મુદ્દા ઉઠાવાશે

### સરકાર ખેડૂતોને નબળા પાડતી હોવાનો ખેડૂત સંગઠનોનો આરોપ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતની આગેવાની હેઠળ ખેડૂતોની અનેક માંગણીઓ અંગે એડીએમ વહીવટીતંત્રને એક આવેદન આપીને મહાપંચાયતનું સમાપન કરવામાં આવ્યું હતું. રાકેશ ટિકૈતે સરકારને ઘેરતા કહ્યું કે સરકાર ખેડૂતોને નબળા પાડવાનું કામ કરી રહી છે. મહા પંચાયતમાં શેરડીના ભાવ, મફત વીજળી વગેરે જેવા ખેડૂતોના મુદ્દાને લઈને અવાજ ઉઠાવવામાં આવ્યો હતો.

આ ઉપરાંત રાકેશ ટિકૈતે જગાહેડી ટોલ



પર ચાલી રહેલી ભારતીય કિસાન યુનિયનની મહાપંચાયતમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ સાથે તેમણે કહ્યું હતું કે ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર માર્ચ કાઢીશું. આ સિવાય યુનાઈટેડ કિસાન મોરચાના આહ્વાન પર ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું પણ એલાન કરવામાં આવ્યું છે. ખેડૂતો પણ આ બંધના એલાનમાં જોડાશે. અમે દુકાનદારોને ૧૬મી ફેબ્રુઆરીએ તેમની દુકાનો ન ખોલવાની પણ અપીલ કરી હતી. આ ઉપરાંત બેરોજગારી, ખજ઼ ગેરંટી એક્ટ, પેન્શન, અગ્નિવીર જેવા મુદ્દા ઉઠાવવામાં આવશે.


આ પછી ખેડૂતોની અનેક માંગણીઓને લઈને મુખ્યમંત્રીના નામે એડીએમ વહીવટીતંત્રને આવેદન આપવામાં આવ્યું હતું. આવેદનમાં માંગણી કરવામાં આવી છે કે પીન્ના હાઈવે પર અંડરપાસ કે બ્રિજ બનાવવાને લઈને ખેડૂતો ઘણાં સમયથી વિરોધ કરી રહ્યા છે જેનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે. આ સિવાય શેરડીનો ભાવ ૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરતા ઓછો સ્વીકારાશે નહીં. આ ઉપરાંત મફત વીજળીની જાહેરાત છતાં પણ ખેડૂતોને બિલ ભરવા પડે છે અને નવા કનેક્શન પાછળ ઘણો ખર્ચ કરવો પડે છે. ખેડૂતોને ડીઝલ, સાધનો, ખાતર અને બિયારણ પર છૂટ ની વ્યવસ્થા હોવી જોઈએ.

# મોરબીના ભવાની એક્સપ્રેસ આંગડિયાની ઓફિસમાં ધમધમતું જુગારધામ ઝડપાયું

## સંચાલક સહીત પાંચ શકુનીઓને રૂ.૧ લાખની રોકડ સાથે ઝડપી લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સરદાર રોડ ધરતી ટાવરમાં આવેલ ભવાની એક્સપ્રેસ આંગડિયામાં ચાલતી મીની ક્લબ ઉપર મોરબી એ ડિવિઝન પોલીસે દરોડો પાડી સંચાલક સહીત પાંચ જુગારીને જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. દરોડામાં પોલીસે સ્થળ ઉપરથી એક લાખથી વધુ રોકડા રૂપિયા જપ્ત કરી તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




મળતી માહિતી અનુસાર મોરબી એ ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે મોરબી શહેરના મધ્યે આવેલ જુના બસ સ્ટેન્ડ નજીક સરદાર રોડ ધરતી ટાવરમાં આવેલ 'ભવાની એક્સપ્રેસ નામની આંગડિયાની ઓફિસમાં દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમતા મહેશભાઇ રમણલાલ પટેલ ઉવ.૪૫ રહે.મોરબી આલાપરોડ શીવરંજની એપાર્ટમેન્ટ બ્લોકનં.૭૦૧ મુળરહે.બલોલ તાજી.મહેસાણા, ભીખાજી ઉર્ફે ભાણો દિવાનજી ઠાકોર ઉવ.૩૬ રહે.મોરબી શનાળારોડ ડાર્વીન એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૨૦૨ મુળરહે.નોરતા તા.જી.પાટણ, દીલીપભાઇ રામાભાઇ પટેલ ઉવ.૪૦ રહે.મોરબી ધરતીટાવર મણીલાલ મગનલાલની ઓફીસમા મુળરહે.બોદલા તા.જી.મહેસાણા, સંજયકુમાર અંબાલાલ પટેલ ઉવ.૪૦ રહે.મોરબી વાવડીરોડ ગાયત્રીનગર સોસાયટી મુળરહે.સોપાડા તા.વિજાપુર જી.મહેસાણા, ભાવેશકુમાર ચંદુલાલ પટેલ ઉવ.૪૨ રહે.મોરબી વાવડીરોડ ઉમીયાપાર્ક સોસાયટી મુળરહે.બોદલા તા.જી.મહેસાણાને જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે દરોડા દરમિયાન જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧,૦૦,૩૦૦/- કબ્જે લઇ પાંચેય આરોપીઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના બેડીના બેઠા પુલીયા પાસે બાઈક અકસ્માતમાં પોલીસ કર્મીનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના બેડેશ્વર ઓવરબ્રિજ નજીક બેઠા પુલપાસેથી પસાર થતા બાઇકસવાર પોલીસ કર્મીને અકસ્માત નડયો હતો જેમાંગંભીર ઇજા થવાથી સારવાર દરમિયાન તેનુ મૃત્યુ નિપજયુ હતુ. મૃતક પોલીસ કર્મચારીબેડી ચોકીમાં ફરજ બજાવતાહોવાનુ સુત્રોએ જણાવ્યુ છે.પોલીસસુત્રોમાંથી જાણવા મળતી વિગતઅનુસાર જામનગરમાં સીટી બી ડીવીઝનહેઠળના બેડી પોલીસ ચોકીમાં ફરજ બજાવતામયુરસિંહ જાડેજા બાઇક





પરપસાર થઇ રહયા હતા જે વેળાએ બેડેશ્વરઓવરબ્રિજ નજીક બેઠા પુલીયા પાસે અકસ્માતેબાઇક સહિત નીચે પટકાતા માથા સહિત શરીરેગંભીર ઇજા થવાથી તેઓને તુરંત ૧૦૮ મારફતેસારવાર અર્થે જી.જી. હોસ્પીટલમાં લઇ જવાયાહતા જયાં સારવાર દરમિયાન તેઓનુ મૃત્યુનિપજયુ હતુ.આ બનાવના પગલે પોલીસ બેડામાંભારે શોકની લાગણી પ્રસરી છે.જયારેડીવાયએસપી સહિતના અધિકારીઓ પણ દોડીગયા હતા.બેડી પોલીસ ચોકીમાં ફરજ બજાવતા પોલીસકોન્સટેબલ મયુરસિંહ જાડેજા પોલીસ ચોકીથી સમન્સ બજાવવાની કામગીરીમાટે બાઇક પર નિકળ્યા હતા જે વેળાએ બેડીનાબેઠા પુલ પાસે ઉકત જીવલેણ અકસ્માત નડયોહોવાનુ જાણવા મળ્યુ છે.

# જામનગરમાં ગઈકાલે જિલ્લા પંચાયત કારોબારી સમિતિનું સંચાલન શાળાની બાલિકાઓએ કર્યું







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સમગ્ર દેશમાં રાષ્ટ્રીય બાલિકા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.જે અંતર્ગત જિલ્લા પંચાયત જામનગરના સભાખંડ ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે જિલ્લા કક્ષાના તેજસ્વીની જિલ્લા પંચાયત કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી.જેમાં એક દિવસ માટે જિલ્લા પંચાયત જામનગરની કારોબારી સમિતિનું સંચાલન બાલિકાઓએ કર્યું હતું.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી ગઢવીએ જિલ્લા પંચાયતની મળેલી આ સામાન્ય સભાની શરૂઆત કરાવી હતી. જેમાં ઉત્સાહભેર બાલિકાઓએ સહભાગી થઈ મહિલા અનામત, સ્ત્રી સશક્તિકરણ, સામાજિક દુષણો, આરોગ્ય અને પોષણ, જાતિગત સમાનતા, દીકરીઓના જન્મ અને શિક્ષણ, મતદાન જાગૃતિ અભિયાન વગેરે મુદ્દે રસપ્રદ પ્રશ્નોત્તરી, ચર્ચા અને રજૂઆત કરી હતી.કાર્યક્રમ અંતર્ગત લાભાર્થી દીકરીઓને મહાનુભાવો દ્વારા દિકરી ઓનાં નામે ૦૩ પોષણ વાટિકા જાહેર કરવામાં આવી, વહાલી દિકરી યોજનાના મંજૂરી હુકમો, દીકરી વધામણા કીટ તથા દીકરીના નામની નેમ પ્લેટ, શાળામાંથી ડોપ આઉટ દીકરીઓ કે જેમણે શાળામાં પુનઃ પ્રવેશ મેળવેલ તેમને એજ્યુકેશન કીટ વિતરણ સહિતના લાભો અર્પણ કરાયાં હતાં.તેમજ દીકરીઓને સમાજમાં સમાન દરજ્જો મળે, શ્રેષ્ઠ શિક્ષણ તેમજ સલામતી મળે અને દીકરીઓ આત્મનિર્ભર બને તે અંગે ''બેટી બચાવો બેટી પઢાઓ''ના ઉપસ્થિત સૌએ શપથ ગ્રહણ કર્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, મહિલા અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ભાવનાબેન ભેંસદળીયા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ગોમતીબેન, કારોબારી સમિતિના ચેરમેન ચંદ્રિકાબેન અઘેરા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, મહિલા અને બાળ વિકાસ અધિકારી ગોહિલ, પ્રોગ્રામ ઓફિસર બીનલબેન, દહેજ પ્રતિબંધક અધિકારી હંસાબેન, સહિત બહોળી સંખ્યામાં બાલિકા પંચાયતની બાલિકાઓ અને સખી- સહ સખી દીકરીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર શહેરમાં પટણીવાડ વિસ્તારના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં પટણીવાડ વિસ્તારમાં રહેતો એક પરિવાર અજમેર ગયો હતો અને પાછળથી કોઈ તસ્કરો બંધ મકાનમાં ત્રાટક્યા હતા. જેમાં કબાટમાં રાખવામાં આવેલ રોકડ રકમ તેમજ દાગીના મળીને કુલ રૂપિયા પાંચ લાખના માલમતા ચોરી કરી હતી. આ બનાવના પગલે સીટી એ ડિવિઝન



પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટનાસ્તરે દોડી આવ્યો હતો અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.આ બનાવની મળતી માહિતી મુજબ જામનગર શહેરમાં આવેલ પટણીવાર વિસ્તારમાં એસ.કે રેસ્ટોરન્ટ પાસે આવેલ ચીશિત્યા મંઝિલ નામના મકાનમાં રહેતા એક પરિવાર અજમેર શરીફ દરગાહે સલામ ભરવા માટે ગયા હતા જે દરમિયાન આજરોજ પરત આવ્યા હતા અને પોતાના મકાનની સ્થિતિ જોઈ કંઈક ઘટના ઘટી હોય તેવું લાગી હતું જેથી મકાનના રૂમમાં રહેલ ઘરવખરી વેરવિખેર જોવા મળી હતી જેથી રૂમમાં પડેલા કબાટ પણ ખુલ્લો જોવા મળ્યો હતો જેમાં તપાસ કરતા કબાટની તેજુરીમાં રાખવામાં આવેલ હશે બે લાખ જેવી રોકડ રકમ અને સોના ના ઘરેણા દાગીના ગાયબ થઈ ગયા હતા.જે કુલ મળીને રૂપિયા પાંચ લાખની માલ માતાની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી હતી આથી મકાન માલિક દ્વારા પરિવારે તાત્કાલિક આ બનાવ અંગે જામનગર સીટી એ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા તાત્કાલિક પોલીસ ટુકડી ઘટના સ્તરે દોડી આવી હતી અને તપાસ શરૂ કરી હતી અને તસ્કરને ઝડપી લેવા પણ ચક્રો ગતિમાન કર્યા હતા

# જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કાલાવડમાં તાલુકા કક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કાલાવડ આરોગ્ય કેન્દ્ર ખાતે તાલુકા કક્ષાની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.ભાયા અને જિલ્લા આર.સી.એચ. અધિકારી ડો.નૂપૂર પ્રસાદના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લામાં તાલુકા કક્ષાએ આરોગ્ય વિભાગના કર્મચારીઓ માટે વિવિધ પ્રકારની સમીક્ષા બેઠક અને સેમિનારનું આયોજન કરવામાં આવતું હોય છે. તદુપરાંત, સામુહિક આરોગ્ય કેન્દ્ર કાલાવડ ખાતે ડાયાલીસીસ વિભાગ કે જેમાં પ્રધાનમંત્રી નેશનલ ડાયાલીસીસ પ્રોગ્રામ અંતર્ગત દર્દીઓનો ઉપચાર કરવામાં આવે છે. આ ડાયાલીસીસ વિભાગની મુલાકાત લેવામાં આવી હતી. તેમજ ત્યાં સારવાર અર્થે દાખલ થયેલા દર્દીઓને મળતી વિવિધ સુવિધાઓ અંગે તેમના પ્રતિભાવ મેળવવામાં આવ્યા હતા અને દંત વિભાગ, ફિઝિયોથેરેપી વિભાગ અને લેબોરેટરીની મુલાકાત લેવામાં આવી હતી. આ ઉપરાંત, સ્ટાફ ગણને જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યુંહતું. ઉક્ત બેઠકમાં ડી.પી.સી. યગ્નેશ ખારેચા, ડો. નકુમ રોહિત, જયદીપસિંહ અને અનિતા રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના ધરમપુર ગામે સીએનજી રીક્ષામાં દેશી દારૂની ખેપ મારતો એક ઝડપાયો

## પોલીસે સીએનજી રીક્ષા સહીત ૧૦૦ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના ધરમપુર ગામની સીમમાં મોરબી બાયપાસ પસે આવેલ જૂની આરટીઓ કચેરીની સામેથી સીએનજી રીક્ષા રજી.જીજે-૦૩-એયુ-૨૧૪૮માં દેશી દારૂની હેરાફેરી કરતા આરોપી ઇસ્મતઅલી અબ્બાસભાઇ મોવર ઉવ.૪૨ રહે. માળીયા મીંયાણા હરીપરગામની ગોળાઇ પાસેને ૧૦૦ લીટર દેશી દારૂ સાથે ઝડપી લેવામાં આવ્યા હતો. આ સાથે મોરબી તાલુકા પોલીસે સીએનજી રીક્ષા કિ.૪૦,૦૦૦/-તથા ૧૦૦ લીટર દેશી દારૂ કિ.૨૦૦૦/- એમ કુલ મળી રૂ.૪૨,૦૦૦/-નો મુદામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેલ મહાકુંભ ૨.૦ અન્વયે જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધાનું હડીયાણા કન્યા શાળા ખાતે આયોજન કરાયુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જામનગર જિલ્લા રમત ગમત વિકાસ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોડિયા તાલુકાની હડિયાણા માધ્યમિક કન્યા શાળા ખાતે આયોજિત આ સ્પર્ધામાં અંડર ૧૧, અંડર ૧૪, અંડર ૧૭, ઓપન કેટેગરી, એબવ ૪૦ અને એબવ ૬૦ વયજૂથમાં સમાવિષ્ટ નાગરિકોએ ભાગ લીધો હતો.ઉકત સ્પર્ધાના સમગ્ર





આયોજન બદલ કન્વીનર તરીકે શાળાના આચાર્ય અરવિંદ મકવાણા, સ્પોર્ટ્સ મેનેજિંગ કમિટીના અધ્યક્ષ વિપુલભાઈ કાલાવડીયા, મદદનીશ શિક્ષક. બી.એલ. ઝાલા અને શાળાના તમામ સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી. આ સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલાડીઓને રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા માટે તક પ્રાપ્ત થશે.

# આત્મીય યુનિવર્સિટીનો ચતુર્થ પદવીદાન સમારોહ સંપન્ન

## ૧૭૫૨ વિદ્યાર્થીઓને ડિગ્રી, ૩૩ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ તેમજ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક આપી સન્માન કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિકસિત ભારત ૨૦૪૭ ના લક્ષ્ય અંતર્ગત, ગુજરાતની શ્રેષ્ઠ પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં જેની ગણના થાય છે તેવી આત્મીય યુનિવર્સિટીનો ચતુર્થ પદવીદાન સમારોહ, વિક્રમ સંવંત ૨૦૮૦, પોષ શુક્લ દશમી, તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ શનિવારના રોજ આત્મીય કેમ્પસનાં, હરિદર્શનમ્ બિલ્ડીંગનાં વિશાળ હોલ ખાતે પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના માર્ગદર્શન હેઠળ સંખ્યાબંધ વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ આત્મીય યુનિવર્સિટીનાં પ્રાધ્યાપકોની હાજરીમાં યોજાયો.





આ સમારોહમાં કુલ ૧૭૫૨ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી, જેમાં ૧૬ વિદ્યાર્થીઓને પીએચડી, ૪૭૦ વિદ્યાર્થીઓને અનુસ્નાતક, ૧૨૫ વિદ્યાર્થીઓને અનુસ્નાતક ડિપ્લોમા અને ૧૧૪૧ જેટલા વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાની ડિગ્રીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિવિધ વિદ્યાશાખાઓમાથી ૩૩ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ થી સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત મૂલ્ય શિક્ષણ ના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ આત્મીય બંધુ અજય જૈન ને પીએચડી ની માનદ ડિગ્રી અર્પણ કરવામાં આવી હતી.

કાર્યકમની શરૂઆતમાં પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીની અધ્યક્ષતામાં આત્મીય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. શિવકુમાર ત્રિપાઠી, પ્રો વાઈસ ચાન્સેલર ડો. જયેશ દેશકરે પદવીદાન સમારંભ માં ઉપસ્થિત કાર્યક્રમના મુખ્ય મહેમાન ડો. અનિલ સહસ્ત્રબુદ્ધે અને પ્રો. રાજીવ સંગલજીનું સ્વાગત અને અભીવાન કર્યું. આત્મીય યુનિવર્સિટીની પરંપરા અનુસાર કાર્યક્રમની શરૂઆત ત્રણ વાર ઓમકારના ઉચ્ચારણ સાથે કરવામાં આવી. ત્યારબાદ સૌ મહાનુભાવો દ્વારા દીપ-પ્રાગટ્ય અને ઠાકોરજીનું પૂજન કરવામાં કર્યું. પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજી દ્વારા સમારોહ નું ઉદઘાટન થયા બાદ આત્મીય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. શિવકુમાર ત્રિપાઠી દ્વારા સ્વાગત સંબોધન અને વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો જેમાં તેઓએ યુનિવર્સિટી એ કરેલ વિશેષ કાર્યો, વિદ્યાર્થીઓ તેમજ પ્રાધ્યાપક દ્વારા મેળવેલી વિશેષ સિદ્ધિઓ અને યુનિવર્સિટીના આવનાર ભવિષ્ય માટેની રૂપરેખા રજૂ કરી.

પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજે વિડીયો-કોન્ફરન્સ ના માધ્યમથી કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને આશીર્વચન પાઠવ્યા હતાં. તેઓએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે અત્યાર સુધી પરિવાર તમારો આધાર હતો અને હવે ઉચ્ચ શિક્ષણ સફળતા પૂર્વક પૂર્ણ કરીને તમે હવે પરિવાર નો આધાર બનવાની ક્ષમતા પ્રાપ્ત કરી છે. શિક્ષણ નો ઉદ્દેશ્ય માત્ર જીવન જીવવાનો નથી પણ સફળતા પૂર્વક જીવન નિર્વાહ કરવાનો પણ છે. આજે આપ સૌ શિક્ષણ લઈને આપના અલગ અલગ ક્ષેત્રો માં આગળ જવાના છો પરંતુ અહીથી મળેલા સંસ્કારોનું મૂલ્ય કદાચ થોડા સમય પછી તમને સમજાશે. ટેકનોલોજીથી આપ કદાચ સુવિધા પ્રાપ્ત કરી શક્શો પરંતુ અંતરની સમૃદ્ધિ તો કેવળ સંસ્કાર અને સમજણ થી જ મળે કે જે અહી જીવન વિદ્યાના પાઠ દ્વારા ભણાવાય છે.

# જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે મોરબી ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ યોજાયું

## મોરબીના કલેક્ટર જી.ટી. પંડ્યાએ કાર્યક્રમનું નિરીક્ષણ કરીને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી





**મુખ્ય સમાચાર, જામનગર**

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની મોરબી જિલ્લાકક્ષાની ઉજવણી માળિયા તાલુકાના ખાખરેચી ગામ ખાતે કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારું આયોજન માટે જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાની ઉપસ્થિતિમાં રિહર્સલ યોજાયું હતું.રિહર્સલ દરમિયાન કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યાએ પોલીસ અને હોમગાર્ડ દ્વારા આયોજિત પરેડનું નિરીક્ષણ કરીને અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપી હતી. ધ્વજવંદન, પરેડ નિરીક્ષણ, માર્ચ, મહાનુભાવનું ઉદ્બોધન, સાંસ્કૃતિક કાર્યક્રમ, અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓનું સન્માન સહિતના કાર્યક્રમો આયોજનબદ્ધ રીતે યોજાય તે માટે જિલ્લા કલેક્ટરશ્રીએ માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

આ પ્રસંગે અધિક નિવાસી કલેક્ટર એસ.જે. ખાચર, જિલ્લા પુરવઠા અધિકારી અને ઈન્ચાર્જ હળવદ પ્રાંત અધિકારી સંદીપ વર્મા અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ભાયાવદરગામમાં ૭૦૦ દીકરીઓને ગર્ભાશયના કેન્સરની રસી નિઃશુલ્ક અપાઈ

**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

**ભાયાવદર:** ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામમાં આવેલ એચએલ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના કુંડારીયા કેન્સર ફાઉન્ડેશન રાજકોટ અને લોક કલ્યાણ ટ્રસ્ટ ભાયાવદર ગર્ભાશયના કેન્સર ની રસીકરણનો કેમ્પ રાખવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં શાંતિભાઈ ફળદુ બીટી સવાણી હોસ્પિટલ રાજકોટ ગોવિંદભાઈ લાલાણી યુ.એસ.એ અશ્વિનભાઈ જાવિયા વિજાપુર સંકુલ સીદસર વિપુલભાઈ





માકડીયા મેનેજિંગ ટ્રસ્ટી સર્વોદય કેળવણી મંડળ વલ્લભભાઈ કનેરિયા ગોંડલ બાબુભાઈ બેરા યુ.એસ.એ અને અરુણભાઈ પટેલ જેવા આગેવાનો હાજર રહ્યા હતા અને કેન્સર વિશેષ જાગૃતિ અંગે સમજણ આપવામાં આવી હતી અને લગભગ ૭ ૦૦ જેટલી દીકરીઓને ફ્રી રસીકરણ કરવામાં આવ્યું હતું ૯૦૦ દીકરીઓને હિમોગ્લોબીન ચેક કરી દવા આપવામાં આવી હતી

# રાજુલા એસટી ડેપોમા ડ્રાઈવર્સ ડે નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** વિશ્વ ડ્રાઇવર્સ ડેની ઉજવણીની અનુલક્ષીને ગુજરાત એસટી નિગમના અમરેલી ડિવિઝનના રાજુલા એસટી ડેપો ખાતે મેનેજર મમતાબેન જોશીના અધ્યક્ષ સ્થાને ડ્રાઇવર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી સલામત સવારી એસ ટી અમારીના સૂત્રને સાર્થક કરતા રાજુલા એસ ટી ડેપોના કુલ ૧૦ સ્ટાફ જેમાં ડ્રાઇવર તેમજ કંડકટર સહિતને પ્રમાણપત્ર સાથે મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને



તમામ ડ્રાઈવર ભાઈઓને અત્યારનાં આ બદલાતા સમયમાં સાર ડ્રાઇવિંગની સુંદર કામગીરી પણ કરેલ છે ત્યારે હજુ પણ સારી રીતે આપ સહુ આ કાર્ય કરતા રહો તેવું ડેપો મેનેજરે દ્વારા જણાવેલ.


# મોરબીમાં કેશર ફિઝિયોથેરાપી ક્લિનિકમાં દર્દીઓને ફ્રી નિદાન સાથે રાહતદરે સારવાર અપાશે

## નવી બ્રાન્ચના શુભદિને જ ડો.મિતલ રૈયાણીએ કરી જાહેરાત

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** મોરબીના સામાકાંઠે સર્કિટ હાઉસ રોડ પર આવેલ શિવ કોમ્પલેક્ષમાં છેલ્લા ૯ વર્ષથી કાર્યરત કેશર ફિઝીયોથેરાપી ક્લિનીકની બીજી બ્રાન્ચન શરૂ કરવામાં આવી છે. મોરબીના રવાપર રોડ પર સોમનાથ પ્લાઝાના ત્રીજા માળે શોપ નં.૧૩માં કેસર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કેશર ફિઝિયોથેરાપી ક્લિનિકનો વડીલોના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો છે.

નવી બ્રાન્ચના શરૂઆત થતાં જ



કેશર ફિઝીયોથેરાપી ક્લિનીકમાં તમામ દર્દીઓનું ફ્રી માં નિદાન તથા ફિઝિયોથેરાપીને લગતી તમામ સારવાર રાહતદરે કરી આપવાની ડો.મિતલ રૈયાણીએ જાહેરાત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ કેશર ફિઝીયોથેરાપી ક્લિનીકના ડો.મિતલ રૈયાણી દ્વારા અનેક ફિઝિયોથેરાપી કેમ્પના આયોજન કરવામાં આવ્યા છે. જે કેમ્પના અનેક દર્દીઓએ લાભ લીધા છે. ત્યારે નવી બ્રાન્ચમાં પણ તેમની સેવા આપવાની જાહેરાતથી લોકો તેમના કાર્યની પ્રશંસા કરી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# જ્યાં સુધી સૂરજ ચાંદ રહેશે ત્યાં સુધી જુના ગીતો અમર રહેશેઃપ્લેબેક સિંગર શ્રીશાન વાડેકર

## આજના ગીત અને સંગીત અલ્પજીવીઃડાન્સીંગ સોંગ યુવાઓમાં લોકપ્રીયઃરાજકોટ મહાનગરપાલીકા દ્વારા આજે પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત રેસકોર્ષમાં શ્રીશાન વાડેકર પ્રસ્તુત સંગીત સંધ્યા યોજાશેઃ શહેરીજનોને આ કાર્યક્રમ માણવા મનપા તંત્રએ આમંત્રણ પાઠવ્યું

**મુખ્ય સમાચાર રાજકોટ**

પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ આજે રાજકોટમાં સુપ્રસિધ્ધ શ્રીશાન સિંગર વાડેકરની સંગીત સંધ્યા રાત્રીના ૮:૩૦ કલાકે કવી રમેશ પારેખ રંગદર્શન ઓપન એર થીએટર રેસકોર્સ ખાતે યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત આજે રાજકોટ આવેલા મખમલી કંઠના માલીક અને બોલીવુડ ના પ્લેબેક સિંગર શ્રીશાન વાડેકરે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આજના ગીત અને સંગીત અલ્પ''જીવી અને ધમાલીયા છે. જ્યારે જુના ગીતો હંમેશા કર્ણપ્રીય લાગી રહયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યાં સુધી સૂરજ ચાંદ રહેશે ત્યાં સુધી જુના ગીતો અમર રહેશે.

આજે રાજકોટ વાસીઓને ભરપૂર મનોરંજન પીરસવા આવેલા શ્રીશાન વાડેકરે જણાવ્યું કે પોતે મહારાષ્ટ્ર તરફથી અંડર ૧૬ અને અંડર ૧૯ ક્રિકેટ ટુર્નામેન્ટ રમેલા છે. પરંતુ રાજકીય ડખલગીરીને કારણે તેઓએ ક્રિકેટ છોડી દીધેલું.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

તેઓએ જણાવ્યું હતું કે તેમના ગુરુ કહેતા કે ગાવાની કોપી કરો પરંતુ અવાજની ક્યારેય નકલ કરવી નહીં રીયાલીટી શો મારફત આજે દેશમાં અનેક કલાકારો આગળ આવી રહયાં છે. રીયાલીટી શોમાં નામ કમાયા બાદ તમામ કલાકારોએ પોતાની કારકીર્દી આગળ વધારવા સંઘર્ષ કરવો જરૂરી છે. ટૂંક સમયમાંજ શ્રીશાનના બે થી ત્રણ આલબમ સોંગ પ્રસ્તુત થશે. આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં શ્રીશાન વાડેકર તેમજ સહકલાકાર નિરૂપમા ડેએ હરઘરમેં એકહી નારા ગુંજેગા મેરા ભારત કા બચ્ચા જય જય શ્રીરામ બોલેગા ગીતની એક કડી ગાઈ હતી. પત્રકાર પરિષદમાં મેયર, મ્યુ.કમિશનર, ડેપ્યુટી મેયર, સ્ટે.ચેરમેન સહિતના પદાધિકારીઓ તેમજ મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા. અંત માં શ્રીશાન વાડેકરે રાજકોટની જનતા ને આ સંગીત સંધ્યાનો કાર્યક્રમ માણવા આહવાન કર્યું હતું.

# છોટુનગરનો પરિવાર સુરત લગ્ન પ્રસંગમાં ગયો અને તસ્કરોએ કર્યા રૂા.૩.૯૦ લાખનો હાથફેરો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ચોરીના બનાવો દીન પ્રતિદિન વધી રહ્યા છે.તેમાં વધુ એક ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે.જેમાં છોટુ નગરમાં રહેતા શાકભાજીના ધંધાર્થી પરિવાર સાથે સુરત પ્રસંગમાં ગયા હતા તે વેળાએ તસ્કરો તેમના મકાનને નિશાન બનાવી રોકડ રૂ.૩.૫૦ લાખ અને ૪૦ હજારના દાગીના ચોરી જતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથધરી છે.

આ અંગેની માહિતી મુજબ છોટુનગરમાં રહેતા હરસુખભાઈ ચુનાભાઈ કુવરીયાએ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ચોરીની ફરિયાદમાં જણાવ્યું હતું કે, હુ તથા મારી પુત્નિ બન્ને શાકભાજી ને ધંધો કરીએ છીએ.અને હુ તથા મારી પત્નિ ગત તા. ૨૦/૦૧ના રાત્રીના આઠેક વાગ્યે સુરત એક સગાઈના પ્રસંગમા ગયા હતા.

બાદ બે દિવસ પછી તેના પાડોશમાં રહેતા માસાની તેમના પર ફોન આવ્યો હતો અને તેના ઘરના તાળા તૂટ્યા હોવાનું જણાવ્યું હતું જેથી તેઓ સગાઈનો પ્રસંગ પુરો કરી ને રાજકોટ આવીને જોતા ડેલી નુ તાળુ તુટેલ હોય અને ઘરનો અંદરના દરવાજાનુ તાળુ જેની ચાવી ભુલ થી તાળા માજ રહી ગયેલ અને રૂમના દરવાજાનુ તાળુ ખોલી અંદર જતા રૂમમા અંદરનો લોખંડ નો કબાટ ખુલ્લો હતો અને આ કબાટ અંદરના લોકરમા રાખેલ રોકડા રૂ.૩,૫૦,૦૦૦ અને ચાંદીના ચુડલા જેની કિ. રૂ. ૪૦,૦૦૦ જોવા મળી ન હતી.જેથી આ મામલે ગાંધીગ્રામ પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટ મનપા દ્વારા ભગીની નિવેદીતા ટાઉનશીપને ૨૮ લાખનો પાણી વેરો ફટકારાતા મહિલાઓએ કર્યો હલ્લાબોલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મનપા દ્વારા દ્વારા ૨૮ લાખ નો પાણી વેરો રેલનગરમાં આવેલ ભગીની નિવેદીતા ટાઉનશીપને ફટકારાતા ત્યાંની મહિલાઓએ આજે મનપા ખાતે હલ્લાબોલ કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે પાંચ વર્ષમાં પહેલી વાર પાણી વેરો આવ્યો અને એ પણ ૨૮ લાખ નાખતા સોસાયટીના રહીશોએ બીલ ભરવાનો વિરોધ કર્યો હતો. આ અંગે રજુઆત બાદ પણ મહાપાલિકાએ કોઈ પગલા લીધા નથી



તેથી રહીશો પરેશાન છે. ધરણા કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતાં.

જેમાં સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર કહ્યું હતું કે, નળ કનેક્શન કોર્પોરેશન શરૂ કરી દેશે પરંતુ વેરો તો ભરવોજ જોશે, કોર્પોરેશન માં ઘરે ઘરે વેરો મોકલવાની સીસ્ટમ નથી. લોકો સામેથી વેરો ભરપાઈ કરે જ છે, ૫ વર્ષ સુધી લોકોએ વેરો ન ભરતા કનેક્શન કપાયું છે.પાણી વેરા બિલ માફ કરવા મહિલાઓએ કરી રજુઆત છે. જુના પાણી વેરાના બીલ ઉઘરાવવાનુ હાલ મુલત્વી રાખવા લોકોએ માંગણી કરેલ છે. પાણી વેરા સિવાયનો બધો વેરો ભરવા લોકો સહમત છે. પાણી વેરો માફ કરવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરવામાં આવશે તેવી સ્થાનીક રહીશોએ ચીમકી આપી છે.

# ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાળાને ચોકલેટ આપવાની લાલચ આપી શખ્સે અડપલા કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અયાધ્યા ખાતે રામમંદિરના પ્રાણ પતિષ્ઠાના ભાગ રૂપે રાજકોટમાં એક વિસ્તારમાં દાંડીયા રાસનો કાયક્રમ હોય માતા સાથે ગયેલી માસુમ બાળકીને ચોકલેટ આપવાના બ્હાને અંધારામાં લઈ જઈ શખસે અડપલા કર્યાની ફરીયાદ કરતા ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ એક વિસ્તારમાં રહેતા મહિલાએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે લક્ષ્મીવાડીમાં રહેતો શૈલેશ મોહનભાઈ ડોડીયા નામના શખસનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તા.૨૨ના રોજ તેના પતિ અને છ વર્ષની પુત્રી સાથે રાત્રે બહાર જમવા માટે ગયા હતા અને ત્યાર બાદ ઘેર આવી તેના ઘર નજીક દાંડીયા રાસનો કાર્યક્રમ હોય તેની પુત્રી સાથે જોવા ગયા હતા તે દરમ્યાન આરોપી તેની પુત્રીને ચોકલેટ આપવાના બ્હાને અંધારામાં લઈ જઈ કીસ કરી શરીરે અડપલા કર્યાનુ જણાવતા પીએસઆઈ રોહડીયા સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી હતી.

# મવડીમાં હાર્ડવેરના વેપારીનો ગળાફાંસો ખાઈ આપઘાતઃ અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી ગામમાં આવેલા કોઝી કોટીયાર્ડમાં રહેતા હાર્ડવેરના વેપારીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે તેમના બંને સંતાને પિતાની છત્રછાયા ગુમાવી છે.

આ અંગેની માહિતી મુજબ મવડી ગામમાં આવેલા અંબિકા ટાઉનશીપ નજીક આવેલા કોઝી કોટયાર્ડમાં રહેતા જયદીપ છગનભાઈ બુટાણી નામના ૩૫ વર્ષના પટેલ યુવાને ગઈકાલે સાંજે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં તેમના પરિવારમાં અરેરાટી મચી ગઈ છે.

આ બનાવ અંગે તાલુકા પોલીસ મથકમાં જાણ કરાતાં હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ ચૌહાણ અને સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને ૧૦૮ને બોલાવી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલે ખસેડવામાં આવ્યો હતો.

પોલીસમાંથી જાણવા મળ્યું હતું કે જયદીપભાઈ હાર્ડવેરના વેપારી છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે બે ભાઈ એક બહેનમાં વચેટ હતાં. જયદીપભાઈએ આર્થિક ભીંસથી આ પગલું ભર્યું છે કે અન્ય કોઈ કારણ છે ? આ અંગે હાલ તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તપાસ કરી રહ્યો છે. બીજા બનાવમાં આજી ડેમ ચોકડી પાસે આનંદનગરમાં રહેતા કનુભાઈ ભાણાભાઈ ડાભી નામના ૬૫ વર્ષના વૃધ્ધે બિમારીથી કંટાળી જઈ પોતાના ઘરે ઝેરી દવા પી જતાં તેઓને સારવાર માટે અહિંની સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. તેમને સંતાનમાં બે દિકરા હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે હાલ આજી ડેમ પોલીસ મથકના સ્ટાફે તેઓનું નિવેદન લીધું હતું.

# રાજકોટ જિલ્લા જેલમાં બેભાન થઈ જતા પાકાકામના કેદીનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં હાર્ટએટેકના બનાવોનું પ્રમાણ વધ્યું છે. અને રોજબરોજ નાની વયના યુવાનો નું બેભાન હાલતમાં મોત થયા હોવાનું સામે આવ્યું છે. ત્યારે રાજકોટ જિલ્લા જેલમાં પાકાકામના કેદી તરીકે રહેતા અને સજા ભોગવતા હરીભાઈ જખુભાઈ લોવાણી (ઉ.વ.૫૫) નામના પ્રૌઢ ગઈકાલે બપોરે ૪.૩૦ વાગ્યે જેલમાં બેભાન થઈ જતા સરકારી હોસ્પિટલે સારવારમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તેને જોઈ તપાસી મૃતક જાહેર કર્યા હતા. બનાવ અંગેની જાણ પ્ર.નગર પોલીસમાં કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાંથી સગીરાનું અપહરણ કરનાર શખ્સ જામજોધપુરથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર ની પેરોલ ફર્લો સ્કવોર્ડ ની ટીમેં રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશનના અપહરણ ના ગુનામાં નાસતા ફરતા રહેલા આરોપી તથા ભોગ બનનારને જામજોધપુર તાલુકાના બાવડીદળ ગામેથી પકડી પાડયા છે.

આ અંગેની માહિતી મુજબ જામનગર પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી લેવા માટેની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, રાજકોટ શહેર ના આજી ડેમ પોલીસ સ્ટેશનના અપહરણ ના ગુનામાં ફરાર થયેલા આરોપી મિલન વિઠ્ઠલભાઈ નારીયા નામના ૨૪ વર્ષ ના શખ્સ ભોગ બનનાર ને ઉઠાવી ગયો છે, અને હાલ જામજોધપુર તાલુકાના બાવડીદળ ગામમાં સંતાયો છે, તેવી બાતમી ના આધારે મોડી રાત્રે દરોડો પડયો હતો. ને દરોડા દરમિયાન મૂળ બાવડીદળ ગામના વતની અને હાલ રાજકોટમાં મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા મિલન વિઠ્ઠલભાઈ નારીયા (ઉ વ.૨૪) ને ઝડપી લીધો હતો. જેની સાથે ભોગ બનનાર પણ મળી આવી હોવાથી તેનો કબજો સંભાળી રાજકોટ આજી ડેમ પોલીસ સ્ટેશનની ટીમને જાણ કરી હતી, અને બંનેનો કબજો સોંપી દીધો છે.

# ચોટીલા પાસે ૯૦૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે જામનગરના શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલા સાયલા હાઇવે ઉપર કાંધાસરના પાટીયા પાસેથી સુકા ગાંજાના જથ્થા સાથે એક ઈસમને પકડી પાડી વધુ તપાસ એસ.ઓ.જી સુરેન્દ્રનગરે હાથ ધરેલ છે ઝાલાવાડનાં એસપી ડો.ગીરીશ પંડ્યા દ્વારા ગેરકાયદેસર નાર્કોટીકસ ના પદાર્થ,કેફી,ઔષધો, મનપ્રભાવી દ્રવ્યો,તથા એન.ડી.પી.એસ (ગાંજો, અફીણ,એમ.ડી) વિગેરેના ગેરકાયદેસર વેપાર, હેરાફેરી, વેચાણ અટકાવવા તેમજ આવા ગેરકાયદેસર વેપાર-વેચાણ-વહન અંગેના કેસો કરવા.તેમજ આવા ગે.કા વેચાણ કરતા ઈસમોને પકડી પાડવા. તેમજ ગેરકાયદેસર પ્રવૃતિને સંપુર્ણપણે નેસ્ત નાબુદ કરવા આપેલ સુચનાને આધારે સુરેન્દ્રનગર એસ.ઓ.જી પીઆઈ એસ.એમ.જાડેજાનાઓએ ખાનગી બાતમી મેળવી ચોટીલા નજીક હાઇવેનાં કાંધાસર ગામનાં પાટીયા નજીક પીએસઆઈ વી.ઓ.વાળા તથા સ્ટાફે વોચ ગોઠવી સુરેન્દ્રનગર થી ગાંજો લઈ



ને બાઇક ઉપર આવી રહેલા એવા જામનગર રહીશ એવા આરોપી હુસેન અલીમહમદ સંધી જાતે.મુસ્લિમ ઉ.વ.૩૩ વાળાને અટકાવી તલાશી લેતા તેની પાસે રહેલ થેલીમાંથી ગેર કાયદેસર વગર પાસ પરમીટ એ ૧ કિલો ૯૦૦ ગ્રામ ગાંજાનો જથ્થો કિ.રૂ ૧૯૦૦૦ નો વેચાણ કરવા માટે રાખેલ જથ્થો મળી આવતા ચોટીલા પો.સ્ટે એન.ડી.પી.એસ એક્ટ હેઠળ ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.જીલ્લા એસ ઓ જી માટે આ સુકા ગાંજાનો જથ્થો કોની પાસે થી ખરીદ્યો હતો તેમજ અન્ય કેટલા લોકો આ નશીલા પદાર્થનાં વેચાણમાં સંકળાયેલા છે તે સહિતની તપાસ માટેનાં ચક્રો ગતિમાન કર્યા છે.

# ધ્રાંગધ્રામાં બે નરાધમોએ દુષ્કર્મ આચરતા સગીરા માતા બની

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રાના એક ગામની ૧૬ વર્ષની યુવતીને ત્રણ દિવસ પહેલા અચાનક પેટમાં દુખાવો ઉપાડતા તેને હોસ્પિટલ ખાતે ધાંગધ્રા લઈ જવામાં આવી હતી પરંતુ આ તમામ પ્રકારની વિગતો ચોકાવનારી બહાર આવી હોવાના કારણે તેને સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવી હતી અને ત્યાં મેડિકલ વિભાગ અને ગાયનેક વિભાગ દ્વારા તપાસ કરવામાં આવતા તેને નવ મહિનાનો ગર્ભ હોય અને તે પોતે બાળકને જન્મ આપવાનો સમય પાકી ગયા હોવાની વિગતો સામે આવી હતી. વહેલી સવારે તેણે બાળકને જન્મ આપ્યો હતો આથી પરિવાર પણ ચોંકી ગયો હતો. આ બાબતે હોસ્પિટલના સ્ટાફ દ્વારા પોલીસને પણ જાણ કરવામાં આવી હતી અને આ અંગે કઈ રીતે ઘટના બની હશે તે અંગે તપાસ કરવા માટે પોલીસને આ સમગ્ર વિગતની જાણ કરવામાં આવી હતી ત્યારે જે યુવતી ભોગ બનનાર છે તેના માતા પિતાએ યુવતી ને પૂછતા તેને જણાવ્યું હતું કે ૧૦ મહિના પહેલા તે પોતે બળતણ વીણવા માટે સીમમાં ગઈ હતી તે દરમિયાન મોઢા ઉપર રૂમાલ બાંધી અને બાઇક લઇ આવેલા બે નરા ધમો દ્વારા તેની સાથે દુષ્કર્મ કર્યા હોવાની વિગતો પોતાના પરિવારને આ ભોગ બનનાર યુવતીએ જણાવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# વિરપુર પાસે કારખાનામાં મજુરો અને સુપરવાઈઝરો વચ્ચે ખેલાયો ખુની ખેલ

## મારામારીમાં બે વ્યક્તિને ગંભીર ઈજા થતાં સારવારમાં ખસેડાયાઃ પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિરપુર નજીક પીઠડીયા ટોલનાકા પાસે આવેલ આલોક ઓઈલ મીલ કારખાનામાં ગાળો બોલવા બાબતે સુપરવાઈઝર અને મજૂરો વચ્ચે બોલાચાલી થયા બાદ મારામારી થતાં બે વ્યકિતને ગંભીર ઈજા સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.આ બનાવમાં પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ વિરપુરના પીઠડીયા ટોલનાકા પાસે આવેલ આલોક કારખાનાની ઓરડીમાં રહેતાં મુળ મધ્યપ્રદેશનાં વિરેન વિક્રમભાઈ કોદર (ઉ.૨૧) નામના મજુર યુવાને પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે માણાવદરના સાહીલ બિલાલભાઈ ચૌહાણનું નામ આપ્યું છે પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી બે મહિના પહેલા જ કારખાનામાં મજુરી કામે રહેલ હોય રાત્રે મામાના દીકરા આતીશ પપ્પુભાઈ ચૌહાણ અને ભાણેજ સંદીપ ઉર્ફે ટક્કો બાંમણીયા ઓરડી પાસે બેઠા હતાં ત્યારે કારખાનામાં લોડર ચલાવતો સાહીલ રી સાથે ધસી આવી માથાકુટ કરી ગાળા ગાળી કરી ત્રણેય મજુર યુવાનને છરીના ઘા ઝીંકી દીધી હતાં. જેમાં સંદીપ અને આતિશને ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે સામાપક્ષે સાહીલ બીલાલ ચૌહાણ (ઉ.૨૭)એ પોલીસમાં નોંધાવેલ વળતી ફરિયાદમાં હુમલાખોર તરીકે આતિશ ઉર્ફે સતીશ, સંદીપ ઉર્ફે ટક્કો અને વિરેન નામના શખ્સને કામ પુરૂ કરવા બાબતે કહેતા સારું નહીં લાગતાં ગાળો દઈ ભેગા મળી લોખંડના પાઈપ ધોકા વડે હુમલો કરી માથામાં ગંભીર ઈજા પહોંચાડયાની ફરિયાદ નોંધાવી છેપોલીસે હત્યાની કોશિષના ગુના નોંધી આરોપીઓની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા છે.

# આણંદપર કોળી જ્ઞાતિ સમાજ દ્વારા ૧૧મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ની બાજુમાં આવેલ નવાગામ આણંદપર ખાતે તારીખ ૨૧/૦૧/૨૦૨૪ ના રોજ સમસ્ત કોળી જ્ઞાતિ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત તળપદા કોળી સમાજ નો ૧૧મો સમુહ લગ્ન યોજાય ગયો જેમાં ૨૧ નવદંપતી ઓ એ પ્રભુતામાં પગલા પડ્યા અને આણંદપર ગામ ના તલાટી મંત્રી મહેશભાઈ મેરેજ સર્ટી સ્થળ પર આપવામાં આવ્યું હતું સાથે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ૮૫ રક્તદાતાઓ રક્તદાન કર્યું હતુ સાથે દરેક રક્તદાતાઓ ને સ્ટેજ ઉપર ફુલ હાર થી સન્માન કરવામાં આવ્યું હતુ

આ શુભ પ્રસંગે ગુજરાત રાજ્ય ના કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયા,કાળાસરના મહંત વાલજી ભગતે દિપ પ્રાગટય કરી નવદંપતીઓ ને



આશિવચન આપ્યા હતા

આ તકે મુખ્ય મહેમાન જિલ્લા પંચાયતના સભ્યો નવઘણભાઈ મેઘાણી,નાથાભાઈ સંઘાણી , ભરતભાઈ બાલોન્દ્રા,તેમજ રાજકોટ ના તાલુકા પંચાયતના ચેરમેન ભરતભાઈ ડાભી રાજકોટ તાલુકા પંચાયતના સભ્ય રાજુભાઈ ઝાપડિયા, લાલજીભાઈ સોલંકી, કાનજીભાઈ મેઘાણી, વિજયભાઈ બોરડ, બાબુભાઈ કુમારખાણીયા તથા આજુબાજુ ગામના સરપંચો અને કોળી સમાજના આગેવાનો રમેશભાઈ પરમાર, દિનેશભાઈ મકવાણા, પ્રવીણભાઈ સોરાણી, વિજયભાઈ ચાવડા, દેવુભાઈ કોરવાડીયા, વિજયભાઈ રાઠોડ, રઘુભાઈ કુકડીયા, મધુબેન સાકરીયા, દીપ્તિબેન સોલંકી, પરસોતમભાઈ ભરાડીયા, મહેશભાઈ રાજપરા વગેરે આગેવાનો હાજર રહ્યા હતા.આ તકે સમૂહ લગ્ન સમિતિના સભ્યો ધીરુભાઈ હાંડા, નારણભાઈ સોલંકી, જીતુભાઈ માલકીયા, ગોરધનભાઈ ખમસાણી, રાજુ ભાઈ ઝાપડિયા, દિનેશભાઈ અજાડિયા, વિજયભાઈ સોલંકી, દેવશીભાઈ સોલંકી, પાંચાભાઇ ડાભી, મનસુખભાઈ રંગપરા, વિનુભાઈ ઝાપડિયા વગેરે હાજર રહ્યા હતાં.

# મોરબીમાં સાત વર્ષની બાળકી ઉપર દુષ્કર્મ આચરનાર નરાધમને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારાઈ

## મોરબી સ્પે.પોક્સો અદાલતનો મહત્વપૂર્ણ ચુકાદો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નીચી માંડલ ગામની સીમમાં આવેલ સીરામીક ફેક્ટરીની લેબર કોલોની બહાર રમતી સાત વર્ષની બાળકી ઉપર મૂળ મધ્યપ્રદેશના રહેવાસી આરોપી નરાધમ શખ્સે દુષ્કર્મ આચર્યું હતું જે કેસમાં મોરબી સ્પે.પોક્સો અદાલત દ્વારા આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તેમજ દંડનો આદેશ કરવામાં આવ્યો છે, ઉપરાંત રાજ્ય સરકાર તરફથી પીડિતાને રૂ.૪ લાખ વળતર પેટે ચૂકવવાનો આદેશ જારી કર્યો છે.



ગત વર્ષ ૨૦૧૯ માં મોરબીના નીચી માંડલ ગામે આવેલ સીરામીક કારખાનાની મજુર ઓરડીમાં રહેતા આરોપી મોહરસીંગ ઉર્ફે મામુ જમુનાપ્રસાદ આદિવાસી મૂળ મધ્યપ્રદેશના ધનસરા ગામના વતનીએ ઘર બહાર રમતી સાત વર્ષની બકલકી ઉપર દુષ્કર્મ આચર્યું હતું જે બાબતની ભોગ બનનાર બાળકીના પિતા દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો.

ઉપરોક્ત દુષ્કર્મ કેસ મોરબી સ્પે. પોક્સો કોર્ટમાં ચાલી જતા મૌખિક પુરાવા ૧૬ તેમજ દસ્તાવેજી પુરાવા ૨૭ તથા સરકારી વકીલ નીરજભાઈ કારીયાની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી મોહરસીંગ ઉર્ફે મામુ જમુનાપ્રસાદને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તથા ૨૫ હજારના દંડનો મોરબી સ્પે. પોક્સો અદાલત દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. સમગ્ર દુષ્કર્મના બનાવ મામલે રાજ્ય સરકાર દ્વારા પીડિતાને રૂ.૪ લાખ વળતર પેટે ચૂકવવાનો પણ સ્પે.પોક્સ અદાલત દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો.

# થોરાળા પોલીસ અને ૧૦૮ ના સ્ટાફે માનવતા નેવે મૂકીઃમહિલાની લાશ ચાર કલાક રઝળી

## થોરાળા વિસ્તારમાં આવેલ ગોકુળપરામાં નારણકા ગામની મહિલાએ ભાઈના ઘરે આપઘાત કરી લીધોઃપોલીસે લટકતી લાશ નીચે ઉતારી લીધા બાદ ૧૦૮ના સ્ટાફે ડેડબોડી સિવિલ હોસ્પિટલે લઈ જવાનો ઈન્કાર કર્યોઃપોલીસે પંચનામું નહીં કરી લાશને ખાનગી વાહનમાં હોસ્પિટલે લઈ જવા પરિવારને મજબૂર કરી માનવતા લજવી



**મુખ્ય સમાચાર રાજકોટ**

પોલીસ પ્રજાનો મિત્રનું સુત્ર સાર્થક કરવા પોલીસ અધિકારી દ્વારા અનેક સામાજીક કાર્યક્રમો કરી પ્રજાને નજીક લાવી પોલીસ પ્રત્યેની જુની છાપ ભૂસવા માટે પ્રયાસ કરવામાં આવી રહયા છે ત્યારે શહેરના સામા કાંઠે આવેલા થોરાળા પોલીસ નો સ્ટાફ અને ૧૦૮ ના સ્ટાફે માનવતા નેવે મૂકી મહિલાની લાશને કલાકો સુધી રઝળતી કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા ભારે અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ બનાવની જાણવા મળતી માહિતી મુજબ કોટડા સાંગાણી તાલુકાના નારણકા ગામે રહેતી ગીતાબેન કિશોરભાઈ વાળા (ઉ.વ.૪૫) નામની અનુ.જાતી મહિલા ગૃહ કલેશના કારણે બે દિવસ પહેલા સાંજના સમયે ઘરેથી નિકળી ગયા બાદ આજીડેમ ચોકડીએ પહોંચી મહિલા હેલ્પલાઈન ૧૮૧માં મદદ માંગી હતી. આ સમયે ૧૮૧ની ટીમે તેની વ્હારે આવી મહિલાને મદદ કરી સિવિલ હોસ્પિટલમાં આવેલ વનસ્ટોપ સખી સેન્ટરમાં આ મહિલાને આસરો આપ્યો







હતો ત્યાર બાદ મહિલાના ભાઈને જાણ કરવામાં આવતા નવા થોરાળા વિસ્તારમાં આવેલ ગોકુળપરામાં રહેતા ભીખાભાઈ તેની બહેન ગીતાબેનને પોતાના ઘરે લાવ્યા હતા.

ગઈકાલે સવારે ૧૦:૩૦ વાગ્યે ગીતાબેને ભાઈના ઘરે પંખામાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી નાખ્યું હતું.

આ બનાવના પગલે વિસ્તારના લોકો ભેગા થઈ ગયા હતા. અને સવારે ૧૧ વાગ્યે ૧૦૮ તથા થોરાળા પોલીસને જાણ કરી હતી. ત્યારે થોરાળા પોલીસનો કાફલો પહોંચી ગયો હતો અને પોલીસે મહિલાની લાશ નીચે ઉતારી હતી. તે દરમિયાન ૧૦૮ નો સ્ટાફ પહોંચી ગયો હતો. પરંતુ ૧૦૮ ના નિયમ મુજબ લાશને હોસ્પિટલે ખસેડવામાં ન આવતી હોય જેથી ૧૦૮ના ઈએમટી ડોક્ટર દ્વારા લાશને લઈ જવાનો ઈન્કાર કર્યો હતો ત્યારે પોલીસ અને ૧૦૮ ના સ્ટાફે વચ્ચે તુતુમેમે થઈ હોય જેના કારણે ૧૦૮નો સ્ટાફ ત્યાંથી રવાના થઈ ગયો હતો. ત્યારબાદ પોલીસ પણ મુંજવણમાં આવી ગઈ હતી. અને તેઓએ પણ આ લાશનું પંચનામું કે પ્રાથમિક કાગળો ન કરી ખાનગી વાહનમાં લાશને હોસ્પિટલે ખસેડવા પરિવારજનોને જણાવી દીધુ હતું.

આ સમગ્ર ઘટનામાં થોરાળા પોલીસ અને ૧૦૮ના સ્ટાફ એ જાણે માનવતા નેવે મૂકી હોય તેમ આ મહિલાની લાશ સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩:૩૦ વાગ્યા રઝળી પડતા પોલીસ અને ૧૦૮ ના સ્ટાફે માનવતા લજવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા લોકોમાં ભારે રોષ ભભૂકી ઉઠયો હતો.

# રૈયા રોડ પર સવન સરફેસ સોસાયટીમાં ધાર્મિક લાગણી દુભાવનાર મહિલા સામે કડક કાર્યવાહી કરવાની માંગ

**મુખ્ય સમાચાર રાજકોટ**



રૈયા રોડ પર આવેલા સવન સરફેસ સોસાયટીના રહીસો દ્વારા શહેર પોલીસ કમિશનર કચેરી ખાતે દોડી આવી આવેદન પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે કે, અમારી સવન સરફેસ પરિવાર રૈયા રોડ પર રહીએ છીએ અમારી સોસાયટીમાં ૨૪૦ ફ્લેટ છે. જેમાં લગભગ ૨૦૦ ફ્લેટ માં માણસો રહે છે. ગઈ તા.૨૨/૦૧/૨૦૨૪ના રોજ ભગવાન રામલલ્લાના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અમો બધા ભેગા મળી ને રામધુન હનુમાન ચાલીસા તથા સોસાયટીમાં રંગોળી તોરણ દીવડાઓ કરી ને અમો ભગવાનનો પ્રસંગ ઉજવાતા હતા. જેમાં આશરે ૮.૩૦ વાગ્યા ની આસપાસ બી-૮૦૩માં રહેતા અમીશાબેન હરીશભાઈ વૈધ ના એ પોતાની કારમાં સોસાયટી ની અંદર મુખ્ય ગેઈટ પાસે થી પ્રવેશ કરી અને જ્યાં આગળ સોસાયટી ની બહેન દીકરીઓ જે રંગોળી કરેલ અને દીવાઓ પ્રગટાવેલ જે રંગોળીઓ વિખાય નહિં તે માટે ત્યાં રસી બાંધેલ અને આડસ રાખેલ અને બીજો મુખ્ય ગેઈટ અવરજવર માટે ખુલો રાખેલ તેમ છતાં સિક્યુરીટી ગાર્ડ (વોચમેન) સાથે બોલાચાલી કરી ઈરાદા પૂર્વક રંગોળી ઉપર ગાડી ચલાવી અને જેનાથી રંગોળી વિખાય ગયેલ જે બાબત ની સોસાયટી ને ખબર પડતા સોસાયટીના બહેનો તથા સભ્યો તેમના ફ્લેટ પર રજૂઆત કરવા ગયેલ કે આવું તમે કેમ કર્યું ત્યાર બાદ તેઓ કોઈપણ રીતે પોતાની ભૂલ ન સ્વીકારી અને ઉલટાનું સોસાયટી ના બહેનો તથા સભ્યો ને કહેલ કે હું કોર્પોરેશન ની ઉચ્ચ અધિકારી છું. મારે ક્યાંથી ચાલવું તેની પરમીશન ની જરૂર નથી અને આ પ્રોગ્રામ મને પૂછી ને તો નથી કરેલો. તમારે જે કરવું હોય તે કરો એમ કરી અને ૧૦૦ નંબર બોલાવી ઉલટાની અમને ધમકી આપેલ. અમારા ભગવાન રામલલ્લા પ્રસંગે નિમિતે કરેલ રંગોળી વીખી અમારી ધાર્મિક લાગણી દુભાવેલ છે. તેમના ઉપર યોગ્ય કાર્યવાહી કરવા સોસાયટીના સભ્યોની માંગ કરવામાં આવી છે.

# ડિજીપીના આદેશનો ઉલાળ્યો કરતા થોરાળા પોલીસ પંથકના પીઆઈ

## પૂર્વ ડિજીપી શિવાનંદ ઝા એ અગાઉ આદેશ ક્યોં હતો કે પીએસઆઈ કે પીઆઈએ મીડિયાને બ્રિફીંગ ન આપવું:એસીપી કે ડીવાયએસપીએ માહિતી આપવી








**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ એ ગઈકાલે આજીવસાહત માં આવેલ જીઆઈડીસીના કારખાનામાં થયેલી રૂ.૧૫ લાખની ચોરી અંગે મીડિયાને ઓન કેમેરા માહિતી આપી બ્રિફીંગ કરતા વિવાદ માં ઘેરાયા છે. ગુજરાતના પૂર્વ ડિજીપી દ્વારા કરાયેલા આદેશનો સરાજાહેર ઉલાળ્યો કરવામાં આવ્યો હોય તેવો ઘાટ સર્જાતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ ગઈકાલે આજી જીઆઈડીસીમાં આવેલા કમાણી ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં રાત્રીના ચડીબનીયાન ધારી ટોળકીએ સટરના તાળા તોડી અંદર પ્રવેશ કરી. ઓફિસના ટેબલના ખાનામાંથી રોકડા રૂ.૧૫ લાખની ચોરી કરી ગયાની ઘટના પ્રકાશમાં આવતા થોરાળા પોલીસ મથકના પીઆઈ બી.એમ.ઝણકાંટ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા ઉચ્ચ અધિકારી ઓને જાણ કરવામાં આવતા પોલીસ કમિશનર, ડીસીપી, એસીપી સહિત નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા. અને પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ ચોરીની ઘટના બાદ આશ્ચર્ય સર્જાયું હતુ જેમાં થોરાળા પોલીસ મથકના પીઆઈ દ્વારા મીડિયાને ઓન કેમેરા માહિતી આપી બ્રિફીંગ કરવામાં આવ્યું હતુ પરંતુ ગુજરાતના પૂર્વ ડીજીપી શિવાનંદ ઝા દ્વારા અગાઉ પરીપત્ર બહાર પાડી રાજ્ય ના તમામ પોલીસ અધિકારી ઓને આદેશ ક્યોં હતો કે પીએસઆઈ કે પીઆઈ એ મીડિયાને બ્રિફીંગ ન કરવું અને મીડિયાને બ્રિફીંગ એસીપી, ડીવાયએસપી કરી શકશે કે તેથી ઉચ્ચ અધિકારીઓ મીડિયાને બ્રિફીંગ કરી શકશે તેઓ આદેશ કરવામાં આવ્યા બાદ છેલ્લા ઘણા સમયથી ગુજરાતભરની પોલીસમાં મીડિયાને એસપી કે ડીવાયએસપી કે તેથી ઉચ્ચ અધિકારી ઓજ ઓન કેમેરા માહિતી આપતા હોય અને રાજકોટમાં પણ મીડિયાને એસીપી કે તેનાથી ઉચ્ચ અધિકારી ઓજ માહિતી આપતા હોય છે. પરંતુ ગઈકાલે આજી જીઆઈડીસીના કારખાનામાં થયેલી ૧૫ લાખની ચોરી અંગેની માહિતી થોરાળાના પીઆઈ એ ઓન કેમેરા મીડિયાને આપી હોય જેથી વિવાદ સર્જાયો છે. અને ડિજીપી આદર્શ નુ ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય તેઓ ઘાટ જોવામાં આવી રહયો છે.

# ગોંડલની ધોળકીયા સ્કૂલના હોસ્ટેલમાં વિદ્યાર્થીને ચાર રૂમ પાર્ટનરે બેરહેમીથી માર માર્યો

## ઘટના સામે આવતા સ્કૂલ સંચાલકો દ્વારા બે વિદ્યાર્થીઓને તત્કાલ સસ્પેન્ડ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલની ધોળકીયા ઇન્ટરનેશનલ સ્કુલમાં હોસ્ટેલમાં રહેતા ધોરણ દસના વિદ્યાર્થીને તેના બે રૂમ પાર્ટનર સહીત ચાર વિદ્યાર્થીઓએ ઢીકાપાટુ સાથે પટ્ટાથી બેરહેમીપૂર્વક માર મારતા તરૂણને સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.અને બનાવ અંગે પોલીસ ફરિયાદ ની તજવીજ હાથ ધરાઇ હતી. માશુમ બાળક પર કરાયેલા અત્યાચાર ને લઈ ને મેઘવાળ સમાજ રોષે ભરાયો હતો.અને આગેવાનો સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા.



આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકાનાં વેજાગામ રહેતા અને ઉમવાડા રોડ પર આવેલી ધોળકીયા ઇન્ટરનેશનલ સ્કુલ માં હોસ્ટેલ માં રહી ધોરણ દશ માં અભ્યાસ કરતા પાર્થ પ્રફુલભાઈ મહીડા ઉ.૧૫ ને ગત રાત્રે તેની સાથે રૂમમાં રહેતા બે અને અન્ય મળી ચાર વિદ્યાર્થીઓએ પટ્ટા વડે માર મારતા પાર્થ ને શરીર માં ઠેરઠેર ચાંભા પડી ગયા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા પાર્થે જણાવ્યું કે મારા રૂમ પાર્ટનર વૈદ જાવીયા,પ્રણવ માધવાણી તથા હાર્વીક સોલંકી અને અંશ નામનાં વિદ્યાર્થીઓ એ ગત રાત્રે ૩૦૫ નંબર નાં રૂમમા બોલાવી જ્ઞાતિ પ્રત્યે હડતુત કરી પહેલા ઢીકાપાટુનો માર માર્યો હતો.બાદ માં પટ્ટા વડે બેફામ માર માર્યો હતો.સવારે કલાસ ટીચર દિવ્યેશસર ને વોશરૂમમાં લઈ જઈ મારને કારણે શરીર પર પડેલા ચાંભા બતાવતા તેમણે કેમ્પસ ડીરેક્ટર ગોકાણી સરને જાણ કરતા તેમણે રેગિંગ કરનાર વિદ્યાર્થીઓને બોલાવી ઠપકો આપ્યો હતો.બાદમાં શ્રુતિ મેડમે મારી પાસે માફી પત્ર લખાવ્યું હતુ.ત્યારબાદ સ્કુલ સંચાલકો દ્વારા પાર્થ ની ખાનગી તબીબ પાસે સારવાર કરાવી પાર્થ નાં પરીવાર ને જાણ કરાતા પાર્થ નાં દાદા દાનાભાઇ ધોળકીયા સ્કુલ દોડી ગયા હતા.અને પાર્થને લઈ સિવિલ હોસ્પિટલ સારવાર માટે પહોચ્યા હતા.

બનાવ અંગે ધોળકીયા સ્કુલ નાં કેમ્પસ ડિરેક્ટર જી. એમ.ગોકાણીએ જણાવ્યુ કે આ વિદ્યાર્થીઓ વચ્ચેની તકરાર છે.બનાવની જાણ થતા વૈદ જાવૈયા તથા પ્રણવ માધવાણીને સ્કુલ માંથી સસ્પેન્ડ કરી દેવાયા છે.અને અન્યને પનીશમેન્ટ અપાઈ છે.બનાવ અંગે બી ડીવીઝન પીએસઆઇ ઝાલાએ પાર્થ નુ નિવેદન નોંધી કાર્યવાહી કરી હતી.બનાવ ને લઈ ને હોસ્પિટલ દોડી આવેલાં મેઘવાળ સમાજ નાં આગેવાન દિનેશભાઈ માધડે ધોળકીયા સ્કુલ નાં સંચાલકો સામે રોષ ઠાલવ્યો હતો.

# માલધારી ફાટક પાસે રાહદારીના મોબાઈલની ચીલઝડપ કરનાર સમડી ઝડપાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે માલધારી ફાટક પાસે આવેલા યમુના એગ્રો નામના કારખાના પાસે રાહદારીના મોબાઈલ ની ચીલઝડપ કરવાના ગુનામાં આજીડેમ પોલીસે સમડીને ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

આ અંગેની માહિતી મુજબ આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી અને ચીલઝડપના બનાવો અટકાવવા માટે અને જુના ગુનામાં આરોપીઓને પકડવા અંગેની સુચનાના પગલે પીઆઈ એલ.એલ.ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.જે.પરમાર હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ, કોન્સ્ટેબલ જગદીશભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે કોઠારીયા રોડ પર ગોકુળ પાર્ક ગેઈટ પાસેથી સંકાસ્પદ રીતે નિકળેલો ધ્રુવ ઉર્ફે વિલન હિતેશ મકવાણા (રહે.જયરામ પાર્ક તુલશી પત્ર એપાર્ટમેન્ટ)નામના શખ્સને અટકાવી તલાશી લેતા તેની પાસેથી સંકાસ્પદ મોબાઈલ મળી આવતા આકરી પૂછપરછ કરતા તેણે કબૂલાત આપી

## મોટી ટાંકી ચોક પાસે કોમ્પ્લેક્ષના પાર્કિંગમાં એકટીવા માંથી રોકડની ચોરી કરનાર અને પાટીદાર ચોક પાસે બાઈક ચોરી કરનાર બે તસ્કરની ધરપકડ







હતી કે ગઈ તા.૧૮/૧ના કોઠારીયા સોલવન્ટ ફાટકથી માલધારી ફાટક તરફના રસ્તે યમુના એગ્રો નામના કારખાના પાસે ચાલીને જતા એક યુવાન ના હાથમાંથી મોબાઈલ આંચકી નાસી જઈ ચીલઝડપ કરી હોવાની કબૂલાત આપતા પોલીસે ૨૫ હજારનો મોબાઈલ અને એક બાઈક સહિત કુલ રૂ.૫૦,૦૦૦ નો મુમાલ કબજે ર્ક્યો છે.

જ્યારે એક બનાવમાં મોટી ટાંકી ચોક પાસે આવેલા કોમ્પ્લેક્ષમાં પાર્કિંગમાં રાખેલા એકટીવાની ડેકીમાંથી રોકડની ચોરી થઈ હોય જે ગુનામાં અગાઉ ચુનારાવાડનો નિતિન ધોરીયા નામના શખ્સને પોલીસ દબોચી લીધો હોય અને આ ગુનામાં પેડક રોડ પર સદગુરુ એપાર્ટમેન્ટમાં રહેતો કબીર ગણેશ ઉર્ફે ગનીસલાટ નામનો શખ્સ નાસતો ફરતો હોય પ્ર.નગર પોલીસના એએસઆઈ સી.એમ.ચાવડા અને કોન્સ્ટેબલ મહાવીરસિંહે ચોક્કસ બાતમીના આધારે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે તાલુકા પોલીસના એએસઆઈ જે.ડી.વાઘેલા કોન્સ્ટેબલ હર્ષરાજસિંહ, શીવભસિંહ સહિતનો સ્ટાફ નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા પાટીદાર ચોક પાસે વાહન ચેકિંગ ફરજ પર હતા ત્યારે નંબર વગરનું એકટીવા લઈ નિકળેલો અભિષેક ભરત ભલસોડા (રહે.મવડી ૪૦ ફૂટ રોડ પ્રજાપતી સોસાયટી)નામના શખ્સને અટકાવી પૂછપરછ કરતા વાહન અંગે કોઈ યોગ્ય જવાબ નહીં આપતા વાહન ચોરીનું હોવાનું ખૂલવા પામતા પોલીસે આકરી પૂછપરછ કરતા આ શખ્સે બે બાઈક ની ચોરી કરી હોવાની કબૂલાત આપતા પોલીસે બે બાઈક કબજે ર્ક્યા છે.

# રેકર્ડબ્રેકઃ નવડી માટે આરટીઓમાં બોલાઈ રૂા.૧.૧૨ કરોડની બોલી

## GJ 03 NK 9 માટે મોરબીના એક કાર માલિક સામે ગોંડલ ધારાસભ્યના પુત્ર ગણેશભાઈએ રૂા.૧.૧૨ કરોડનું ટેન્ડર ભર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટમાં કાર અને બાઈકના પસંદગીના નંબર લેવાનો ક્રેઝ યથાવત છે. આરટીઓ દ્વારા GJ03 NK 9 નંબર માટે રૂ.૧.૧૨ કરોડની બોલી લાગી છે. ગોંડલના ધારાસભ્યના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ (ગણેશભાઈ) જયરાજસિંહ જાડેજા અને મોરબીના ભરવાડ યુવાન વચ્ચે ૯ નંબર માટે લાગેલી બોલીમાં રાજકોટ આરટીઓના ઇતિહાસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ રકમની બોલી લાગી હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટ આરટીઓ એ GJ 03 NK 1 થી 99999 નવા નંબર માટે ઓનલાઈન ટેન્ડર મંગાવ્યા તો આરટીઓની ઓનલાઈન બિડિંગમાં પસંદગીના નંબર મેળવવા માટે સરકાર દ્વારા જે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવે છે તેમાં ઓનલાઇન બિડિંગમાં GJ 03 NK માં ૯ નંબર માટે મોરબીના એક કાર માલિક અને ગોંડલના ધારાસભ્યના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ (ગણેશભાઈ) જયરાજસિંહ જાડેજા વચ્ચે લાગેલી બોલીની રકમમાં ગણેશભાઈએ રૂ.૧.૧૨ કરોડની બોલી લગાવી હતી.

# ઉપલેટામાં મહિલા સંચાલીત જુગાર ક્લબ ઝડપાયઃછ મહિલાની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ઉપલેટામાં આવેલા જવાહર રોડ પર માવાણી પાન પાસે રહેતી નિર્મળા કિશન ગજેરા નામની પટેલ મહિલા બહારથી અન્ય મહિલાઓને બોલાવી જુગારના સાધનો પૂરા પાડી પોતાના આર્થિક લાભ માટે રહેણાંક મકાનમાં જુગારનો અખાડો ચાલાવતી હોવાની હકીક્તના આધારે હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાઠોડ, એન.એમ.ઝાંબુકીયા સહિતના સ્ટાફે મહિલા પોલીસને સાથે રાખી ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા જુગાર રમતી નિર્મળા ગજેરા, દિયા ઉર્ફે પિન્ટુ પંકજ સખીયા, નિમિષા રાજુ ચનીયાળા સાધના કાંતી માકરીયા, રિધ્ધિ જેઠા વ્યાસ જોસના ઉર્ફે જયશ્રી નિલેશ રામોલીયા સહિત છ મહિલાઓની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૨૬૭૯૦નો મુમાલ કબજે ર્ક્યો છે.

# લગ્નના બે દિવસ પૂર્વે વરરાજાનું બેભાન થઈ જતા મોતઃ કરૂણ કલ્પાંત

## કોલેજ જતો વિદ્યાર્થી એસ્ટ્રોન ચોક પાસે ઢળી પડયોઃ સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બે યુવાનના હૃદયના ધબકારા બંધ થઈ ગયાની ઘટના સામે આવી છે. લગ્નના બે દિવસ પૂર્વે જ વરરાજાનું. કોલેજે જતા ફાર્મસીના છાત્ર હૃદય રોગના હુમલાથી મૃત્યુ નીપજયા છે.



આ અંગેની માહિતી મુજબ શહેરના પોપટપરામાં રહેતો અને કારખાનામાં કામ કરતો અજય રામજીભાઈ સોલંકી ઉ.૨૨ બપોરે ઘરે બેભાન થઈ ઢળી પડતા સિવિલ હોસ્પીટલે ખસેડતા હાર્ટએટેકથી મોત થયાનું તબીબોએ જાહેર ર્ક્યું હતું પ્રનગર પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈમાં નાનો હોવાનું જાણવા મળ્યું છે બનાવની કરૂણતા એ છે કે અજયના લગ્ન લેવાઈ ગયા હતા શુક્રવારે મંડપ મુહુર્ત અને શનિવારે જાન જંગલેશ્વરમાં જવાની હતી ખુશીના પ્રસંગ વચ્ચે મૃત્યુ થતા ઘરમા લગ્નગીતોને બદલે મરસીયા ગાવા પરિવાર મજબુર બન્યો મમ હતો સામા પક્ષે ભાઈ બહેનના લગ્ન હોવાનું જાણવા મળ્યું છે. મૂળ પોરબંદરના રાણાખીરસરાનો અને હાલ દોઢસો ફુટ રીંગ રોડ પર રૂમ રાખી આરકે કોલેજમાં ફાર્મસીનો અભ્યાસ કરતો સ્મિત કેતનભાઈ બુટાણી ઉ.૨૧ નામનો યુવાન વહેલી સવારે પાંચ વાગ્યે ઘરેથી કોલેજ જવા નીકળ્યો હતો એસ્ટ્રોન ચોક પાસે પહોંચ્યો ત્યારે એકાએક ઢળી પડતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો પરંતુ અહિ તબીબોએ મૃત જાહેર કરતાં કોલેજનો સ્ટાફ અને પરીચીતો દોડી ગયા હતા બનાવને પગલે માલવીયાનગર પોલીસના સ્ટાફે દોડી જઈ તપાસ કરતા અગાઉ સ્મિત કોલેજની હોસ્ટેલમાં રહેતો હતો એકાદ માસથી હોસ્ટેલ ખાલી કરી રૂમ રાખીને રહેતો હતો મૃતક ભાઈ બહેનમાં મોટો અને પિતા ખેતીકામ કરતા હોવાનું જાણવા મળ્યું છે આધારસ્તંભ પૂત્રના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

# બુટલેગરો બન્યા બેફામઃ દારૂ ભરેલી કારે એએસઆઈને કચડી નાંખતા મોત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદમાં ગુનેગારોને જાણે હવે પોલીસનો ડર જ ના રહ્યો હોય તેવુ લાગી રહ્યુ છે. બુટલેગરો બેફામ બનતા જઈ રહ્યા છે. બુટલેગરને રોકવા જતી પોલીસની ગાડી સાથે દેશી દારુ ભરેલી ગાડીથી ટક્કર કરવામાં આવી છે.જેમાં એક પોલીસ કર્મીનું મોત થયુ છે. અમદાવાદમાં બુટલેગરો દિવસે દિવસે બેફામ બનતા જઈ રહ્યા છે. ગુનેગારોને રોકવા જતી પોલીસ પર જ હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બુટલેગરને રોકવા જતી પોલીસની ગાડી સાથે દેશી દારુ ભરેલી ગાડીથી ટક્કર કરવામાં આવી છે.જેમાં એક પોલીસ કર્મીનું મોત થયુ છે. તો અન્ય એક પોલીસ કર્મી ઈજાગ્રસ્ત થયો છે.



અમદાવાદમાં ગુનેગારોને જાણે હવે પોલીસનો ડર જ ના રહ્યો હોય તેવુ લાગી રહ્યુ છે. બુટલેગરો બેફામ બનતા જઈ રહ્યા છે.અમદાવાદ પોલીસને બુટલેગરો દેશી દારુ ગાડીમાં લઈ જઈ રહ્યા હોવાની માહિતી મળી હતી.જેના આધારે કણભા પોલીસ બુટલેગરનો પીછો કરી રહી હતી. જો કે બુટલગરોએ કણભામાં પોલીસની ગાડીને જ ટક્કર લગાવી દીધી હતી. જેના કારણે પોલીસની ગાડી પલટી ગઇ હતી. ગાડીને અકસ્માત નડતા એક પોલીસકર્મીનું મોત થયુ છે. જ્યારે અન્ય એક પોલીસ કર્મી ઈજાગ્રસ્ત થયા છે. જેમને હાલ સારવાર આપવામાં આવી રહી છે.

બુટલેગરે પોલીસની ગાડીને ટક્કર મારતા અજીં બળદેવજી મરતાજી ઠાકોરનું મોત થયુ છે. ગાડીને ટક્કર લગાવ્યા પછી બુટલેગર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જે પછી બુટલેગર સામે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.હાલ આરોપીને પકડવા માટે ટીમો બનાવવામાં આવી છે અને આરોપીને શોધખોળ કરવામાં આવી રહી છે. ગ્રામ્ય પોલીસ સહિતની ટીમ આરોપીને પકડવાના કામે લાગી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT